**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૦ ટકા

# પાણીની ટાંકીને કારણે કરોડો રૂપિયાનું શબઘર બંધ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તોંતિગ ખર્ચ બાદ ૧૨ મૃતદેહ રાખી શકાય તેવું શબઘર તૈયાર કરાયું છે. છ માસ પહેલા કાર્યરત શબઘરમાં ધાબા પર મુકવામાં આવેલ પાણીની ટાંકી ઉભરાતા પાણી છેક મૃતદેહ રાખવામાં આવે છે ત્યાં સુધી પહોંચી જાય છે. જેને પગલે એક માસથી શબઘર બંધ રાખવાની તંત્રને ફરજ પડી છે. પરંતુ ગાંધીનગરની જનતાને તો પોતાના સ્વજનના મૃતદેહને કોલ્ડરૂમમાં રાખવા માટે તો આખરે હેરાનગતિ વેઠવાનો વારો આવે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તોંતિગ રૂપિયાનો ખર્ચ કરીને દર્દીઓ તેમજ નાગરીકો માટે વિવિધ સગવડો ઉભી કરવામાં આવી છે. પરંતુ સગવડોનો લાભ દર્દીઓને મળતો નથી. ત્યારે તંત્ર દ્વારા કરવામાં આવેલ તોતિંગ રૂપિયાનો ખર્ચ પાણીમાં ગયો હોય તેવું લાગી રહ્યું છે. સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં પીઆઈયુ વિભાગ દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરીને શબઘર તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ૧૨ મૃતદેહ રાખી શકાય તેવી વ્યવસ્થા પણ ઉભી કરાઈ છે. પરંતુ આ શબઘર ક્યારે શરુ થયું, અને કયારે બંધ થાય છે તેની નાગરીકોને ખબર પડતી નથી. ત્યારે છેલ્લા એકમાસથી શબઘરમાં છત પર મુકવામાં આવેલ પાણીની ટાંકી ઉભરાતા પાણી ટપકતું હોવાથી બંધ હાલતમાં છે. આ પાણી મૃતદેહ રાખવામાં આવે છે તે પેટી સુધી પહોંચી ગયું છે. જયારે શહેરના નાગરીક કોઈ સ્વજનના મૃતદેહને કોલ્ડ રૂમમાં મુકવા અર્થે લઈને આવે છે ત્યારે નાગરીકોને ખબર પડે છે કે આ તો એક માસથી બંધ હાલતમાં છે. બાદમાં નાગરીકોએ જુસીકાનો સંપર્ક કરીને સેકટર-૩૦ મુકિતધામ ખાતે આવેલ કોલ્ડરૂમની વ્યવસ્થા કરવામાં આવે છે ત્યારે હોસ્પિટલમાં મૃતદેહ રાખવા માટે કોલ્ડ રૂમ કયારે કાર્યરત થશે ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાણીની ટાંકી ભરવામાં ન આવે તો શબઘરમાં શબ રાખી શકાય છે. પરંતુ આ સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી નાગરીકોની માંગ છે.





**આઈ લવ માય ગાંધીનગર**



**પ્રવીણભાઈ બી શ્રીમાળી**
નિવૃત્ત નાયબ નિયામક
સમાજ કલ્યાણ

**ગાંધીનગર ગમે**

આ શહેરમાં સર્વધર્મ સમભાવ રહ્યો છે. પ્રદૂષણ મુક્ત અને ઘટાદાર વૃક્ષોથી છવાયેલું હોઈ ગાંધીનગર શહેર ખરા દિલથી ગમે છે.

**નગરજનો**

કર્મચારી, અધિકારી ઉપરાંત શાંતિપ્રિય વ્યાવસાયિકો અને વ્યાપારી વર્ગ અહીં વસવાટ કરતો હોઈ નગરનું ખૂબ ઉંચેરું નામ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરની અનેકવિધ સંસ્થાઓ સાહિત્યિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ કરી રહી છે. ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા નગરના જૂદા-જૂદા પ્રશ્નોની રજૂાત કરવી ઉપરાંત ઝૂંપડપટ્ટીમાં કપડાં, પગરખાં વગેરેનું વિતરણ કરવું, પક્ષીઓ માટે માળા, ચકલુડીયા જેવી વ્યવસ્થા ગોઠવવી વગેરે પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અભિયાનને માત્ર સરકારની જ જવાબદારી સમજવાને બદલે નગરના એકેએક નાગરિકની ફરજ છે તેમ સમજીને દેશ અને દુનિયામાં આગવું સ્થાન મળે તેવા સહિયારા પ્રયત્નો કરીએ.

**નગર માટે હું કરી શકું**

નગરના સર્વાંગી વિકાસ માટે યોજાતા અનેકવિધ કાર્યક્રમોમાં સામેલ થઈને વક્તા, ઉદ્ઘોષક તરીકે મારી સેવાકીય પ્રવૃત્તિ અર્પણ કરવા હંમેશ તત્પર છું.

## વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળાનો વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળામાં તાજેતરમાં વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વિજેતા બનનાર ધો-૧ થી ૮ અને બાલમંદિરના પ્રથમ તથા દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરનાર બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી મંડળના મંત્રી રઘુસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે શાળાના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ સોનલબા ગોલ દ્વારા પ્રાર્થના કરાવવામાં આવી હતી. કાર્યક્રમમાં બાળકોને રઘુસિંહ ગોલ ઉપરાંત શાળાના આચાર્યા જાગૃતિબેન જાની ઉપઆચાર્યા હેતલબેન જાની તથા ઓએસ સોનલબા ગોલના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેતલબેન તથા રોનકબેન દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા પરિવારની જહેમતના કારણે સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સફળતાપૂર્વક પાર પડયો હતો.

## જાગૃત નાગરિક પરિષદની વાર્ષિક સામાન્ય સભા ૩૦ માર્ચે યોજાશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯મી માર્ચને બુધવારના રોજ સે-૧ ગાયત્રી મંદિરના હોલમાં યોજાનાર હતી તેના સ્થાને સામાન્ય સભા તા. ૩૦ માર્ચને ગુરુવારના રોજ મહાકાલેશ્વર મંદિર ખાતે બપોરે ૪ કલાકે યોજાશે. સંસ્થાના સૌ સભ્યોએ હાજર રહેવા પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ અનુરોધ કર્યો છે.

# ‘હેપ્પી સ્પેરો વિક’ અંતર્ગત પક્ષી પરબો લગાડવાનું કાર્ય આરંભાયુ

**વોર્ડ નં. ૮માં સે-૨થી પક્ષી પરબ સ્થાપન કાર્યક્રમનો પ્રારંભ**
**નિયમિત જળ સિંચનની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા આયોજિત ‘હેપ્પી સ્પેરો વિક’ અંતર્ગત આજે શહેરના વોર્ડનં. ૮ ખાતે માટીના કુંડાની પક્ષી પરબ લગાડવાનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત સહિત કાર્યકરો જોડાયા હતા.



વિશ્વ ચકલી દિવસ અંતર્ગત હેપ્પી યુથ કલબ દ્વારા ‘હેપ્પી સ્પેરો વિક’ ઉજવવામાં આવી રહ્યું છે. ઉજવણી અંતર્ગત પ્રથમ દિવસે ૧ હજાર ચકલીઘરનું વિતરણ કર્યા બાદ આજે ગાંધીનગરના વોર્ડ નં. ૮ ખાતે માટીના કુંડાની પક્ષી પરબો લગાડવાની ઝુંબેશ હાથ ધરાઈ છે. આ ઝુંબેશ અંતર્ગત આજે સેકટર-૨ ખાતે પક્ષી પરબો લગાડાઈ હતી તથા હજુ બે દિવસમાં સેકટર-૩ ન્યુ તથા સેકટર-૪ ખાતે પણ પક્ષી પરબો લગાડાશે. આ તમામ પક્ષી પરબમાં નિયમિત પાણી સિંચન થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આજના કાર્યમાં કોર્પોરેટર પાયલબેન મેણાત ઉપરાંત સેકટર-૨ના અગ્રણી રાજુભાઈ, વસંતભાઈ, મેહુલભાઈ, ભાવસારભાઈ તથા વિજય હડિયોલ જોડાયા હતા.

# લીંબડીયા કેનાલમાં કુદેલા યુવાનનો મૃતદેહ સાયફનમાંથી મળ્યો

**ત્રણ દિવસ પહેલા કેનાલ બહારથી યુવાનનું બુલેટ મળ્યું હતું : આપઘાતનું કારણ અકબંધ**

ગાંધીનગર, તા.૨૧

ડભોડા નજીક લીંબડીયા નર્મદા કેનાલની બહારથી ત્રણ દિવસ પહેલા એક બુલેટ મળી આવ્યું હતું. અમદાવાદના યુવાને બુલેટ બહાર મુકીને કેનાલમાં પડતું મુકયું હતું. યુવાનની ત્રણ દિવસથી કેનાલના પાણીમાં શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે સવારે કરાઈ સાયફનમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

૧૮ તારીખે સવારના અરસામાં લીંબડીયા કેનાલની બહાર બુલેટ પાર્ક કરીને અમદાવાદના યુવાને કેનાલમાં પડતું મુકયું હતું. બુલેટના નંબરને આધારે તપાસ કરી પોલીસે કેનાલમાં કુદનાર યુવાનની વિગતો મેળવી અને બીજી તરફ ફાયરબ્રિગેડની મદદથી કેનાલમાં તેની શોધખોળ શરુ કરી હતી. આજે સવારે કરાઈ સાયફનમાંથી યુવાનનો મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી પરિવારજનોને સોંપ્યો હતો. અમદાવાદ બાપુનગર ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતો અને રેડીમેઈડ ગાર્મેન્ટસની દુકાન ચલાવતો ૨૫ વર્ષીય જીતેન્દ્ર કનુભાઈ હરિયાણી હોવાનું બહાર આવ્યું હતું. આ યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત પર હજુ રહસ્ય છે. ડભોડા પોલીસ મથકના જમાદાર મહેન્દ્રસિંહે તે અંગે ઉંડી તપાસ શરુ કરી છે.

**@ગાંધીનગર**

● અખિલ ભારતીય કિન્નર મહા સંમેલનના સ્થળ સે-૧૫થી ભવ્ય શોભાયાત્રા નીકળી સે-૨૨ પંચદેવ મંદિર ખાતે પહોંચશે.

**વાતવાતમાં**

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એકાએક સર્વર ડાઉન થઈ જતા નવા કેસ કાઢવાનું બંધ થઈ ગયું હતું. જો કે પછી કેસ કાઢવાની પ્રક્રિયા મેન્યુઅલ પધ્ધતિએ ચાલુ કરવામાં આવી હતી પરંતુ તેમાં ઘણીવાર લાગતી હોવાથી દર્દીઓની લાંબી લચક લાઈનો લાગી હતી.

● આગામી તા. ૨૫મી માર્ચે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીના સંયોજક તથા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જાહેરસભા યોજાનાર છે. આ જાહેરસભા થકી ગુજરાતમાં કેજરીવાલની કેટલી લોકપ્રિયતા છે તેનું માપ કાઢવા આપ દ્વારા રાજયના એક પણ જિલ્લા કે તાલુકામાંથી શ્રોતાઓ લાવવા કોઈ વાહન વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી પરંતુ સ્વૈચ્છાએ ઘણા બધા નાગરિકો આવશે તેના પર મદાર બાંધી સે-૬માં મોટું મેદાન સભા માટે નક્કી કરાયું છે.

● નવા સેકટરમાં વાંદરાની ગેંગે આતંક મચાવ્યો હતો. સે-૩માં તો ચાર થી પાંચ વાહનોને નુકસાન પહોંચાડયું હતું.

# ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા સમાજના પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજુઆત કરાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા ખાતે ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા વાલ્મિકી સમાજના સળગતા પ્રશ્નોની સરકારમાં રજુઆત કરવા માલપુર થી ગાંધીનગરની પદયાત્રા યોજાઈ હતી. વાલ્મિકી સમાજના વર્ષોથી ૧૪ પ્રશ્નો પડતર છે.જેનો હજુ સુધી ઉકેલ આવ્યો નથી. ગાંધીનગરમાં ધરણા માટે પરવાનગી ન હોવાથી ચિલોડા ખાતે વાલ્મિકી સમાજે બેઠક યોજી હતી. ત્યારબાદ સંગઠનના સભ્યોએ રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવે તે માટે માંગ કરી છે. જયારે વાલ્મિકી સમાજની માંગણીઓ પુરી નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.



ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગતે જણાવ્યા મુજબ અત્યારે હાલ વાલ્મિકી સમાજની સ્થિતી દયાજનક છે. ચારેબાજુથી વાલ્મિકી સમાજનું શોષણ થઈ રહ્યું છે. રાજયભરમાં સફાઈના કોન્ટ્રાકટ પ્રથા અમલમાં આવતા વાલ્મિકી સમાજની સ્થિતી વધુ દયાજનક બની છે. ત્યારે વાલ્મિકી સમાજના વર્ષોથી પડતર પ્રશ્નો છે જેમાં વાલ્મિકી સમાજના સફાઈ કામદારોને કોન્ટ્રાકટ તેમજ આઉટ સોસીંગ પધ્ધતિ રદ કરી કાયમી કરવા, વર્ષોથી કચેરીમાં કામ કરતા કર્મચારીઓને કાયમી કરવા, સમાજની રદ કરેલ બે ટકા અનામત રદ કરવી, એન.જી.ઓ. તેમજ પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા સફાઈ કામદારોને સરકારી ધારા ધોરણ મુજબ લાભ આપવા, દરેક તાલુકા કક્ષાએ સાંસ્કૃતિકકાર્યક્રમ તથા લગ્ન પ્રસંગો માટે વાલ્મિકી ભવનનું નિર્માણ કરવું, સરકાર તરફથી મળેલ લોન માફ કરવી, ફરજ પર મૃત્યુ પામેલ કર્મચારીઓને રોકડ સહાય આપવી, સહિતના પ્રશ્નો પડતર છે તેનો સત્વરે ઉકેલ નહી આવે તો ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. જયારે ચિલોડા ખાતે આયોજીત ધરણા કાર્યક્રમમાં મોટીસંખ્યામાં વાલ્મિકી સમાજના ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

# સરકારી પ્રાથમિક શાળા ઈન્દ્રોડા ખાતે ઉજવાયેલ વાર્ષિકોત્સવ



ગાંધીનગર, તા.૨૧

સરકારી પ્રાથમિક શાળા ઈન્દ્રોડા-૨માં ગત શનિવાર તા. ૧૮-૩-૨૦૧૭ના રોજ સાંજે ૫ થી ૯ કલાક દરમિયાન શાળામાં અભ્યાસ કરતા બાળકો દ્વારા વાર્ષિતોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્ષિકોત્સવમાં એસએમસી સમિતિ અધ્યક્ષ હંસાબેન, સે-૭ કલસ્ટરના સીઆરસી આચાર્યશ્રી, એસએમસી કમિટીના સભ્યો, ગ્રામજનોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત ‘મનુષ્ય તુ બડા મહાન હૈ’ ગૌરવ ગાનથી થઈ હતી ત્યારબાદ દિપ પ્રાગટય કરી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોએ યોગ, પ્રાર્થના, વેશભુષા નાટક, શૌર્યગીત વગેરે રજુ કર્યા હતા. શાળામાં ભણતા વિદ્યાર્થીઓએ વીર ભગતસિંહ નાટક રજુ કર્યું હતું. ધો-૮માં ભણતા ઠાકોર સંદીપ અને ઠાકોર ખુશીએ તલવાર બાજી કરી રાણી લક્ષ્મીબાઈનું ઉદાહરણ પુરું પાડયું હતું. ઠાકોર શિતલ અને પરમાર ખુશ્બુની સમિતિએ રાજસ્થાની ઘુમ્મર, ફાગુન ગીત રજુ કરી મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમ દ્વારા બાળકોના વાલીઓ તેમજ ગ્રામજનોએ હર્ષ તથા આનંદની લાગણી અનુભવી હતી. બાળકોને પ્રોત્સાહક ઈનામો આપીને બિરદાવવામાં આવ્યા હતા.

## શહેરના સે-૧ થી ૧૩માં બે દિવસ પાણી પુરવઠો બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર નં. ૧ થી ૧૩ના રહેણાંક વિસ્તારમાં પાણી પુરવઠાનું વિતરણ પાટનગર યોજના વિભાગ નં. ૩, ગાંધીનગરની કચેરી દ્વારા કરવામાં આવે છે. સેકટર નં. ૫ અને ૬માં મોટી સાઈઝની ભૂગર્ભ પાઈપલાઈનની મરામત કરવાની કામગીરી કરવાની હોઈ તા. ૨૩-૩-૨૦૧૭ અને તા. ૨૪-૩-૨૦૧૭ના રોજ સેકટર નં. ૧ થી ૧૩માં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે. ત્યારબાદ રાબેતા મુજબ પાણી પુરવઠો આપવામાં આવશે. આ મરામતની કામગીરી આવશ્યક હોઈ ગાંધીનગરના સેકટર નં. ૧ થી ૧૩ના રહીશોએ નોંધ લેવા પાટનગર યોજના વિભાગ નં. ૩ના કાર્યપાલક ઈજનેરે અનુરોધ કર્યો છે.

## રાષ્ટ્રીય રક્ષા મહાવિદ્યાલયના તાલીમાર્થી અધિકારીઓ રાજયપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૧

રાષ્ટ્રીય રક્ષા મહાવિદ્યાલય, નવી દિલ્હીના તાલીમાર્થી અધિકારીઓના એક સમુહે આજે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

ગુજરાતના શૈક્ષણિક પ્રવાસે આવેલ મહાવિદ્યાલયના તાલીમાર્થી અધિકારીઓ સાથે રાજયપાલશ્રીએ વાર્તાલાપ કર્યો હતો અને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ આપી હતી. વરિષ્ઠ અધિકારીઓએ મહાવિદ્યાલયના વિવિધ અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી.

**ચિરવિદાય**

● સ્વ. કાશીબેન મગનલાલ પટેલ, ઉ.વ. ૮૯

# ‘અમેરિકન શ્રવણ ડૉ. મુકુન્દભાઈ ઠાકર’ પુસ્તકનું લોકાર્પણ

**અમેરિકા સ્થિત સરઢવના ડો. મુકુન્દભાઈ ઠાકરના સેવાભાવી અભિગમને રાજ્યપાલશ્રીએ બિરદાવ્યો**

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે વિદેશમાં સ્થાયી થયેલા ડૉ. મુકુન્દભાઈ ઠાકરે વરિષ્ઠજનોની સાર-સંભાળ માટેના કેન્દ્રો ઉભા કરી ભારતીય સંસ્કૃતિ અને તેની ગૌરવશાળી પરંપરાઓને ઉજાગર કરી છે. વૃધ્ધજનો પોતાના માતા-પિતા સમાન છે, તેવી સ્નેહના તાંતણે બંધાયેલી તેમની સેવાભાવનાએ અનેક વરિષ્ઠજનોના જીવનમાં આનંદ અને ઉલ્લાસનું સિંચન કર્યું છે જે સરાહનીય છે.



રાજયપાલશ્રીએ રાજભવનમાં યોજાયેલ સમારોહમાં શિક્ષાવિદ્ ડૉ. મફતભાઈ પટેલ દ્વારા લિખિત પુસ્તક ‘અમેરિકન શ્રવણ ડૉ. મુકુન્દભાઈ ઠાકર’નું લોકાર્પણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે માતા પિતાની સેવાને સમર્પિત શ્રવણકુમારમાંથી ડૉ.ઠાકરે પ્રેરણા મેળવી પોતાનું સેવાકાર્ય આગળ વધાર્યું અને અમેરિકામાં વૃધ્ધજનોની સારસંભાળ માટેના ૧૧ જેટલા કેન્દ્રો સ્થાપી પરમાર્થને જીવન ધ્યેય બનાવ્યું છે, જે પ્રેરણાદાયી છે.

તેમણે ડૉ. મકુન્દ ઠાકરને શુભકામનાઓ આપી હતી અને આશા વ્યકત કરી હતી કે તેઓ ભવિષ્યમાં આ પરમાર્થની ઉમદા પ્રવૃત્તિઓનો ઉત્તરોઉત્તર વિકાસ કરશે અને સમાજમાં એક ઉત્તમ ઉદાહરણરૂપ બનશે.

પૂર્વ મંત્રીશ્રી વાડીભાઈ પટેલે સરઢવ ગામના ગૌરવ સમા ડૉ. મુકુન્દ ઠાકર સાથના સંસ્મરણો તાજા કર્યા હતા.

ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાંત જહાએ તેમના બાલસખા ડૉ. મુકુન્દ ઠાકર સાથેના બાળપણના પ્રસંગોને યાદ કરી જણાવ્યું હતું કે ડૉ. મુકુન્દભાઈમાં નાનપણથી સેવા-સહયોગની ભાવના પાંગરેલી હતી જેણે દેશના સિમાડાઓ ઓળંગી વિદેશમાં સુવાસ ફેલાવી છે અને સરઢવ ગામનું ગૌરવ વધાર્યું છે.

આ પ્રસંગે પુસ્તકના લેખક અને વરિષ્ઠ શિક્ષાવિદ ડૉ. મફતભાઈ પટેલે જણાવ્યું હતું કે ડૉ.મુકુન્દ ઠાકરની સેવા ભાવનાઓ આ પુસ્તકના માધ્યમથી ઉજાગર થઈ છે, તેનો તેમને આનંદ છે.

ડૉ. મુકુન્દ ઠાકરે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે તેમને તેમના માતા-પિતા અને તેમના ગુરુજન દ્વારા મળેલા સંસ્કારોએ મને આ સેવાકાર્ય કરવા પ્રેરકબળ પુરું પાડયું છે જેમાં તેમની ધર્મપત્નીનું યોગદાન છે જે કદીય ભૂલી શકાય તેમ નથી.

પ્રો. અમૃતભાઈ ઠાકરે પણ પ્રસંગોચિત સંબોધન કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ જહાએ ડૉ. મુકુન્દભાઈ ઠાકરની સેવાઓને બિરદાવી હતી.